ગાંધીનગર સમાચાર

# પ્રજાએ જ્ઞાતિવાદ-ક્ષેત્રવાદથી પર ઉઠી મતદાન કર્યું છે : નરેન્દ્ર મોદી

## ખાનપુર જેપી ચોકમાં યોજાયેલી વિજયસભામાં નરેન્દ્ર મોદી ખિલ્યા : મોદી પીએમ બનો, દિલ્હી જાઓના સૂત્રોચ્ચાર અને મેદનીની હર્ષભેર ચીચીયારીઓ

અમદાવાદ, તા. ૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામમાં ભારતીય જનતા પાર્ટીના શાનદાર વિજયને વધાવતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ અભૂતપૂર્વ વિજય બદલ ગુજરાતના મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો અને મુખ્યમંત્રી હવે દિલ્હી જશે તેવી વહેતી થયેલી અટકળો વચ્ચે આવનારા પાંચ વર્ષ ગુજરાતની જનતાને સમર્પિત કરવાની ખાતરી ઉચ્ચારી હતી. અંતે તેમની તમામ ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ આ ધરતીની ભલાઈ માટે કરીશ તેવું મતદારોએ વચન પણ આપ્યું હતું. ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સતત ત્રીજીવાર થયેલી વિજયની હેટ્રીક અને પાંચમી વાર ભાજપના વિજયને વધાવવા આજે સાંજે શહેરના ખાનપુર જે પી ચોક ખાતે ભાજપ દ્વારા વિજય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ભાજપના વિપક્ષના વધામણારૂપે ભારે આતશબાજી પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલી વિધાનસભાને સંબોધતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના નેતાઓ અને કેશુભાઈ પટેલનું નામ લીધા સિવાય ભારે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૮૦ના દાયકામાં ફેલાયેલા જ્ઞાતિવાદના ઝેરના દુષ્પરિણામો પ્રજાએ ભોગવ્યા છે અને તેના કારણે મતદારોએ આ ચૂંટણીમાં ૮૦ના દાયકાનું પુનરાવર્તન થવા દીધું નથી અને ક્ષેત્રવાદ તથા જાતિવાદના ઝેરીલા પ્રચારથી ઉપર ઉઠીને મતદારોએ આવનારી પેઢીના હિતનો વિચાર કર્યો છે. અને કોઈપણ પ્રકારના લોભ લાલચ કે ક્ષેત્રવાદનો વિચાર કર્યા સિવાય અમને વધુ એક વાર જવાબદારી સોંપી છે. ગુજરાતના મતદારોની આ પરિપક્વતાને હું વંદન કરું છું અને સાષ્ટાંગ દંડવત કરું છું. તેમણે વેદના ઠાલવતા વધુમાં જણાવ્યું હતું કે મેં ક્યારેય વિચાર્યું પણ ન હતું કે આવા મોટા લોકો આવી ગંદી ભાષાનો ઉપયોગ કરી શકે છે. લોકોએ મને પથ્થરો માર્યા છે અને એ પથ્થરોથી મેં સીડી બનાવી તેનાથી આજે હેટ્રીક કરી છે. નરેન્દ્ર મોદીને વિજયના વધામણા આપવા તથા તેમને સાંભળવા ઉમટી પડેલી જંગી મેદનીએ તુમ દિલ્હી જાઓ અને પી.એમ., પીએમ તેવા જોરદાર સૂત્રો પોકારી ભારે ચીચીયારીઓ કરી વિજયની ખુશાલી વ્યક્ત કરી હતી. અને વારંવાર તાળીઓના ગડગડાટથી મોદીના પ્રવચનને પણ વધાવી લીધું હતું.



ગુજરાતના મતદારોની સુઝબુઝના વખાણ કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, તમામ પ્રકારની લોભામણી જાહેરાતો અને પોકળ વચનોને ઠુકરાવીને ગુજરાતના મતદારોમાં 'ગુડ ગવર્નન્સ ઈઝ બેડ પોલીટિક્સ'ની માન્યતાને બદલી નાંખી સતત ત્રીજીવાર અમને જવાબદારી સોંપી એક નવો સીમાચિહન પ્રસ્થાપિત કર્યો છે અને દેશની જનતાએ પણ ગુજરાતના મતદારો પાસેથી શીખવું પડશે તથા તમામ રાજકીય પક્ષો ઉપર ગુડ ગવર્નન્સ એન્ડ ડેવલોપમેન્ટ માટે સતત દબાણ કરતા રહેવું પડશે અને રાજકીય પક્ષોએ પણ જુઠા વાયદા તેમજ પોકળ વચનોની રાજનીતિને તિલાંજલિ આપી ઈમાનદારીથી પ્રજાલક્ષી કાર્યોના પ્રયાસો કરવા પડશે. તેમણે ગુજરાતને વિકાસના પથ પર ખૂબજ આગળ લઈ જવા તથા દલિત, પીડિત, શોષિત, ખેડૂત વગેરે વર્ગ એ વિકાસના રાહગીર બનાવી દિવ્ય અને ભવ્ય ગુજરાતના નિર્માણ માટે તીવ્ર ગતિથી કાર્ય કરવાનું પ્રજાને વચન આપ્યું હતું. આ અગાઉ ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પરષોત્તમ રૂપાલાએ પણ કોંગ્રેસની કૂપોષણની જાહેરખબર ઉપર ટીકાઓ વરસાવતા કહ્યું હતું કે, જે ગુજરાતમાં કૂતરી વીવાય ત્યારે ગલુડીયાને શીરો ખવડાવવામાં આવતો હોય ત્યાં નાના બાળકો ભૂખ્યા કેવી રીતે મરી શકે? ગુજરાતની આવી બદનામી કરનાર કેમ વિચારતા નહિ હોય? તેમણે નરેન્દ્ર મોદી સામે પણ અપપ્રચાર કરનારા અને અશિષ્ટ ભાષા બોલનારા સામે પણ તીખા પ્રહારો કર્યા હતા.

## નરેન્દ્ર મોદીની ૨૫મીએ તાજપોશી

અમદાવાદ, તા. ૨૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૫મી ડિસેમ્બરના દિવસે શપથ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. જો કે હજુ સુધી આ સંબંધમાં અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી પરંતુ પરિણામ આવે તે પહેલા જ શપથવિધિની તૈયારી હાથ ધરવામાં આવી હતી. ભાજપને જીત મળશે તેવી પહેલાથી જ આશા હતી જેથી અંદરખાને તૈયારીઓ પણ ચાલી રહી હતી. મોદીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર હેટ્રીક નોંધાવી છે. ગુજરાતમાં મોટાભાગના પંડિતો માની રહ્યા છે કે ગુજરાતમાં વધુ મોટી જીત હવે મોદીને રાષ્ટ્રીય રાજકારણમાં મોટી ભૂમિકા અદા કરવા પણ પ્રોત્સાહન આપશે.

## પ્રાંતિજમાં કોંગ્રેસનો ભવ્ય વિજય

પ્રાંતિજ તલોદ ૩૩ વિધાનસભા બેઠક પર કોંગ્રેસના મહેન્દ્રસિંહ બારૈયાએ જંગી મતથી ભાજપના મહારથી જયસિંહ ચૌહાણને હાર આપી હતી. વિજય બાદ હિંમતનગરથી મોયદ તેમજ તલોદના ગામોમાં મહેન્દ્રસિંહે વિજય સરઘસ નિકાળ્યું હતું. પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં પણ વિજય યાત્રાએ ફરીને મતદારોનો આભાર માન્યો હતો. યાત્રામાં કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રાંતિજ-તલોદ બેઠક ઉપર મહેન્દ્રસિંહ બારૈયા જેવા કોંગ્રેસના ઉમેદવારે આ બેઠક ઉપરથી ભવ્ય વિજય મેળવ્યો. જેમણે ભાજપના ઉમેદવાર જયસિંહ ચૌહાણને હરાવી ભવ્ય વિજય નોંધાવ્યો છે.



ભાજપના ભવ્ય વિજયને વધાવવા માટે અને રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને જીતની શુભેચ્છાઓ પાઠવવા માટે ગાંધીનગરના સેકટર-૨ ખાતે રાધે કન્સ્ટ્રકશન ગૃપના યુવાનોએ ૧૨૦૦ જેટલા દીપ પ્રગટાવી 'કમળ'ની પ્રતિકૃતિ તૈયાર કરી હતી. દીવડાઓ પ્રગટાવી સુંદર કમળ રચી આયોજકો ગોવિંદ વણઝારા, અશોક શર્મા, કેયુર દવે, કિરણ મિસ્ત્રી અને જયેન્દ્રસિંહ વાઘેલાએ શુભેચ્છાઓ પાઠવી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## બનાસકાંઠામાં પાંચ પર કોંગ્રેસ અને ચાર પર ભાજપનો વિજય

પાલનપુરમાં માલણ દરવાજા બહાર અંબાજી રોડ પર પોલીટેકનિક કોલેજ ખાતે બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભાની બેઠકોની ચૂંટણી બાદ મતગણતરી હાથ ધરાયેલ. બહાર જિલ્લાભરમાંથી ઉમેદવારોના ટોળા ઉમટી પડેલ. ત્યારે લેવાયેલી જુદી જુદી તસવીરોમાં કોલેજ બહાર લોકોના ટોળા ત્યાર પછી કેબીનેટ મંત્રી ફકીરભાઈ વાઘેલા પ્રજાનો ચુકાદો સ્વીકારતા, દાંતામા આદિવાસી બેઠક પર કાન્તીભાઈ ખરાડી કોંગ્રેસનો પંજો જીતાડ્યો. થરાદ કે જ્યાં બીજા તબક્કાનું સૌથી વધુ મતદાન થયેલ ત્યાં મંત્રી પરબતભાઈ પટેલ જીત મેળવી જ્યારે જિલ્લામથક પાલનપુરમા મુખ્યમંત્રી મોદીના બાળસખા ગોવિંદભાઈ પ્રજાપતિની પાતળી સરસાઈથી હાર થતા આ વખતે ૨૫ વર્ષબાદ ભાજપે આ બેઠક ગુમાવી લોક ચુકાદો સ્વીકારતા કહેલ કે સ્થાનિક પ્રશ્નો સહીત અન્ય બાબતોએ પણ અસર કરી છે. ત્યાર બાદ દિયોદર બેઠક પર કેશાજી ચૌહાણે કમળ ખીલવી સંઘર્ષ બાદ જીત, જ્યારે પ્રદેશ ભાજપના અગ્રણી બનાસકાંઠાના ચેર શંકરભાઈ ચૌધરી અનેક મથામણો બાદ ભવ્ય જીત, ડીસાની બેઠક પર કેબીનેટ મંત્રી લીલાધરભાઈ વાઘેલા વિજયી, પાલનપુર બેઠક પર અઢી દાયકા બાદ પંજાને જીતાડવામાં મહેશ એ. પટેલ સફળ રહી પાતળી સરસાઈ થઈ જીત મેળવી જંગી મેદની સાથે વિજય સરઘસમા દેખાય છે, જ્યારે ધાનેરા બેઠક પર લાંબા સમય બાદ જોઈતાભાઈએ કોંગ્રેસને જીત અપાવી હતી. કાંકરેજ બેઠક પર પાતળી સરસાઈથી ધારશીભાઈ ખાનપુરાએ કોંગ્રેસને જીત અપાવી હતી અને છેલ્લી તસવીરમાં વડગામ સીટ ફકીરભાઈ વાઘેલાને હરાવી કોંગ્રેસના મણીભાઈ વાઘેલા જાયન્ટ કીલર બન્યા છે.

## મહેસાણા જિલ્લામાં ભગવો લહેરાયો સાતમાંથી પાંચ બેઠક કબજે કરી

મહેસાણા, તા.૨૦

ગુજરાત વિધાનસભાની યોજાયેલ સામાન્ય ચૂંટણીના પરિણામો આજે જાહેર થતા ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાની કુલ સાત વિધાનસભા બેઠકો પૈકી પાંચ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજયી થયા હતા. જયારે બે બેઠકો કોંગ્રેસને ફાળો ગઈ હતી.

જિલ્લાની સાત સીટોમાં પાંચ સીટો પર ચૂંટણી જંગમાં ઉભેલા ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારોનો પરાજય થયો હતો. ૨૦૦૭ની ચૂંટણીમાં જિલ્લાની તમામ સાત બેઠકો ભાજપે કબજે કરી હતી. જેમાં વિજાપુરની બેઠક ભાજપને ગુમાવવાનો વારો આવ્યો છે. જયારે કડી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વિજયી થતા ભાજપનો પરાજય થયો છે. અગાઉ કડીની બેઠક સામાન્ય હતી ત્યારે ભાજપના ઉમેદવાર જીત્યા હતા. દરમિયાન નવા સિમાંકનમાં જોટાણા બેઠક રદ થઈને કડીની સામાન્ય બેઠક અનામતમાં ફેરવાતા આ તરફ કોંગ્રેસે આંચકી લીધી છે. આ વખતની ચૂંટણીમાં જિલ્લામાં કોંગ્રેસને બે બેઠકોનો ફાયદો થયો છે.

મહેસાણાની બેઠક પર સૌ પ્રથમવાર બહારના ઉમેદવાર એવા ભાજપના નીતિનભાઈ પટેલની જીત થઈ છે જયારે કોગ્રેસના વરિષ્ઠ આગેવાન અને સહકારી ક્ષેત્રના અગ્રણી નટવરલાલ પટેલ પરાજીત થયા હતા. જિલ્લામાં વિજયી થયેલા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોના વિજય સરઘસ નીકળ્યા હતા.

ખેરાલુ-ભરતસિંહ ડાભી-ભાજપ-૧૯૫૦૦

ઊંઝા-નારાયણભાઈ પટેલ-ભાજપ-૨૪૦૦૦

મહેસાણા-નીતિનભાઈ પટેલ-ભાજપ-૨૫૦૦૦

વિસનગર-ઋષિકેશભાઈ પટેલ-ભાજપ-૨૯૫૯૨

બેચરાજી-રજનીભાઈ પટેલ-ભાજપ-૧૨૦૦૦

કડી-રમેશભાઈ ચાવડા-કોંગ્રેસ-૧૩૦૦

વિજાપુર-પ્રહલાદભાઈ પટેલ-કોંગ્રેસ-૮૭૫૬

### ભાજપનો જયજયકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસની આશા પર પાણી ફરી વળ્યુ છે. ભાજપ ૧૨૨ બેઠકોની બે તૃત્યાંસ બહુમતીના આંકડાથી માત્ર ૬ બેઠકો પાછળ રહી ગયો છે. જો કે શાનદાર જીત મેળવી છે. કોંગ્રેસે છેલ્લી ચૂંટણીમાં ૫૯ સીટો જીતી હતી અને તેમની સીટમાં સુધારો થયો નથી. અગાઉ ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે આજે મતગણતરીની પ્રક્રિયા શરૂ હતી. મતગણતરીની પ્રક્રિયા શરૂ થવાની સાથે જ પ્રવાહ પણ મળવા લાગ્યા હતા. પ્રારંભિક કલાકોમાં જ ધારણા પ્રમાણે ભાજપે કોંગ્રેસ ઉપર લીડ મેળવી લીધી હતી. જો કે કેટલાક મત વિસ્તારમાં કોંગ્રેસે પણ સારો દેખાવ કર્યો હતો. ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે બે તબક્કામાં મતદાન યોજાયા બાદ આજે સવારે મતગણતરીની પ્રક્રિયા શરૂ થઈ હતી. પરિણામો અંગે પ્રવાહ મળતાની સાથે જ રાજકીય પક્ષો દ્વારા પણ જુદી જુદી પ્રતિક્રિયાઓ આપવામાં આવી હતી. ગુજરાતમાં ૭૦ ટકાથી વધુ મતદાન બંને તબક્કામાં થયું હતું જેથી ઉત્તેજના વધી હતી. વર્ષ ૨૦૦૭માં ભાજપે ૧૧૭ બેઠકો જીતી હતી. ગુજરાતમાં પ્રથમ તબક્કામાં ૭૦.૭૫ ટકા અને બીજા તબક્કામાં ૭૦ ટકાથી વધુ મતદાન થયા બાદ ગુજરાતના ઈતિહાસમાં ઊંચી મતદાન ટકાવારીનો નવો રેકોર્ડ સર્જાયો હતો. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત કુલ ૧૬૬૬ ઉમેદવારોના ભાવિનો આજે ફેંસલો થયો હતો. કુલ ઉમેદવારોમાં ૯૫ મહિલા ઉમેદવારોના ભાવિનો પણ ફેંસલો થયો હતો. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૪૬ મહિલા ઉમેદવાર સહિત ૮૪૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા જ્યારે બીજા તબક્કામાં ૪૯ મહિલા ઉમેદવાર સહિત ૮૨૦ ઉમેદવાર મેદાનમાં હતા. ગુજરાતમાં કુલ ત્રણ કરોડથી પણ વધુ મતદારો પૈકીના ૭૦ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ આ વખતની ચૂંટણીમાં કર્યો હતો. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને ગ્રામીણ વિસ્તારોમાં ચૂંટણી યોજાઈ હતી. બીજા તબક્કામાં શહેરી વિસ્તારોમાં મુખ્ય રીતે ચૂંટણી યોજાઈ હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે અનેક મોટા માથાઓની હાર થઈ હતી જેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલનો સમાવેશ થાય છે. બીજીબાજુ ભાજપના પણ કેટલાક મોટા માથા શાસન વિરોધી પરિબળના કારણે હારી ગયા હતા. જેમાં જયનારાયણ વ્યાસ, આરસી ફળદુનો સમાવેશ થાય છે. જો કે એકંદરે ભાજપ વર્ષ ૨૦૦૭ની સરખામણીમાં વધુ સારો દેખાવ કરવામાં સફળ રહેતા સંતોષની લાગણી ફેલાઈ ગઈ હતી. મતદારોમાં પણ ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. ચારે બાજુ ઉજવણીનો દોર શરૂ થયો હતો.

### ભગવો લહેરાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં શ્રી અશોક પટેલ સફળ રહ્યા હતા. જો કે ૧૦મા અને ૧૧મા રાઉન્ડમાં પુનઃ સરસાઈ કાપી સુરેશ પટેલ અશોક પટેલ કરતાં આગળ રહેવામાં સફળ રહ્યા હતા.

જો કે ૧૨મા રાઉન્ડમાં ભાજપના અશોક પટેલે પુનઃ સુરેશ પટેલની સરસાઈ કાપી અને સરસાઈ પ્રાપ્ત કરી હતી. આ બાદ ૧૩, ૧૪, ૧૫મા રાઉન્ડમાં અશોક પટેલે વિજયી સરસાઈ પ્રાપ્ત કરી હતી. છેલ્લા ૧૬મા રાઉન્ડમાં કોંગ્રેસના સુરેશ પટેલે સરસાઈ પ્રાપ્ત કરી હતી પરંતુ ત્યારે વિજય લગભગ નિશ્ચિત બની ચુક્યો હતો.

મતગણતરી દરમ્યાન એક તબક્કે પોષ્ટલ બેલેટનું મતદાન સરસાઈ નક્કી કરશે તેવુ અનુમાન રાજકીય પંડિતો લગાવતા નજરે પડ્યા હતા ત્યારે કોંગ્રેસના શ્રી સુરેશ પટેલ ૧૨૫ મતની ભાજપ પર સરસાઈ ધરાવતા હતા.

પોષ્ટલ બેલેટથી થયેલા મતદાનમાં પણ કોંગ્રેસના સુરેશ પટેલે ભાજપના શ્રી અશોક પટેલ પર ૧૧૦૦ મતની સરસાઈ મેળવી હતી પરંતુ મતગણતરીના ચાર રાઉન્ડ ૧૨,૧૩, ૧૪ અને ૧૫ દરમ્યાન ભાજપના અશોક પટેલે ત્રેપનસો મતોની સરસાઈ મેળવી લીધી હતી. જેને કારણે ૧૬મા રાઉન્ડમાં ૮૦૦ મતની સરસાઈ પણ વિજય મેળવવાના કામમાં આવી ન હતી.

ગાંધીનગર (ઉ)ની બેઠક પર સતત ચડાવ ઉતારને કારણે રાજકીય પંડીતો પણ ભારે અવઢવમાં મુકાઈ જતા હતા. જોકે વોર્ડ નં. ૧, ૪, ૮ અને ૧૧ની સરસાઈ ભાજપની તરફેણમાં રહી હતી.

### ગાંધીનગર જીલ્લામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વળતી લડત આપી હતી પરંતુ તેઓ ધારી સરસાઈ મેળવવામાં નિષ્ફળ રહ્યા હતા. મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧ અને ૧૧માં સારી એવી સરસાઈ મેળવવા ઉપરાંત સે. ૨૪માંથી પણ ભાજપને સારી એવી લીડ મળી હતી. જુના સેક્ટરોમાં કોંગ્રેસે તેની પક્કડ જમાવી રાખવામાં સફળતા મેળવી હતી. જોકે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસને ધારી સરસાઈ પ્રાપ્ત થઈ શકી નથી.

જિલ્લામાં આજે મતગણતરી દરમ્યાન સતત ચડાવ-ઉતારને કારણે રાજકીય ઉત્તેજનાઓ સતત છવાયેલી રહી હતી.

### મતોનું તાંડવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા પણ ત્યાં સુધીમાં શ્રી શંભુજી ઠાકોરે વિજયની જરુરી સરસાઈ મેળવી લીધી હતી.

પોષ્ટલ બેલેટમાં પણ શ્રી જુગાજી ઠાકોરે શ્રી શંભુજી ઠાકોરને પરાસ્ત કર્યા હતા. પોષ્ટલ બેલેટની ગણતરીમાં ૪૯ મત રદ થયા હતા. જો કે આ બેઠક પર જંગમાં ઝુકાવનાર પરિવર્તન પાર્ટી કે અન્ય ઉમેદવારો કોઈ નોંધપાત્ર દેખાવ કરી શકયા નથી.

શ્રી શંભુજી ઠાકોર સતત બીજીવાર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા છે. ગાંધીનગર દક્ષિણની નવી બનેલી બેઠક પર તેમણે આ વખતે નસીબ અજમાવ્યું હતું. શ્રી જુગાજી ઠાકોર અને શ્રી શંભુજી ઠાકોર મતગણતરી હોલમાં સતત સાથે બેસી અને ગણતરીનો આનંદ માણ્યો હતો. જો કે બંને નેતાઓએ મોટા ભાગનો સમય મૌન રહી ગાળ્યો હતો. રાજકીય હિસાબ કિતાબ વિશે તેઓ કંઈ પણ કહેવા કે બોલવા તૈયાર ન હતા.

શ્રી શંભુજી ઠાકોરને વિજયી જાહેર કરાતાં જ ભાજપના સમર્થકોએ ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા. શ્રી જુગાજી ઠાકોરે તેમને વિજય માટે સૌ પ્રથમ અભિનંદન આપી તેમના વિજયને બિરદાવ્યો હતો.

### સરસાઈ વધારી ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી લીધી હતી. પરંતુ શ્રી બળદેવજી ઠાકોરનો વિજય નિશ્ચિત હોવાનો સતત દાવો કાર્યકરો સતત કરતા નજરે પડતા હતા. જો કે છેલ્લા ત્રણ રાઉન્ડ દરમિયાન શ્રી બળદેવજી ઠાકોરે બાજી પલ્ટી હતી અને ભાજપના શ્રી અતુલ પટેલે ૪૦૦થી પણ વધુ મતોની સરસાઈ પ્રાપ્ત કરી લીધી હતી.

પોષ્ટલ બેલેટની ગણતરી ચાલુ હતી ત્યારે જ જિલ્લા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ શ્રી ધુળાજી ઠાકોર હર્ષની લાગણીઓ સાથે સાતસો મતે વિજયી બન્યા હોવાની વાત લઈ ગણતરી કેન્દ્રની બહાર આવી ગયા હતા. આ પછી ભાજપના શ્રી અતુલ પટેલે પોષ્ટલ બેલેટની પુનઃ ગણતરીની માંગણી ચૂંટણી અધિકારીશ્રી હિમાંશુ પટેલ સમક્ષ કરી હતી જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. સતત વિડીયોગ્રાફી સાથે પોષ્ટલ બેલેટની પુનઃ ગણતરી હાથ ધરવામાં આવી હતી અને છેલ્લે કોંગ્રેસના શ્રી બળદેવજી ઠાકોર ૩૪૩ મતે વિજયી જાહેર કરાયા હતા.

### ખજાનો (પાના નં. ૨નું ચાલુ)

(૫) લમ્હા. આર. જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - સાન્વા બેંક કયા દેશની બેંક છે?
જવાબ - જાપાન

### આ સપ્તાહનો સવાલ...?

**ગુજરાતના કયા ગાંધીવાદી સામાજિક કાર્યકર ગાંધીકથા માટે જાણીતા છે?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

### સાચા જવાબો :-

[illegible]